# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૦૯.૦૮.૨૦૧૭

**કોંગ્રેસે ચૂંટણીપંચ સમક્ષ ખોટી રજૂઆત કરીને બે વોટ રદ્દ કરાવ્યા છે, તે બદલ તમામ પૂરાવા સાથે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવશે. - શ્રી બલવંતસિંહ રાજપૂત**

--------------------

**શક્તિસિંહ ગોહિલે બન્ને ધારાસભ્યશ્રીઓને ઉશ્કેરીને નિયમ વિરૂદ્ધ વર્તન કરીને ''ચોર કોટવાલને દંડે'' તેમ ભાજપ પર જુઠ્ઠા આક્ષેપો કરીને ચૂંટણીપંચને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો.**

--------------------

કોંગ્રેસના ગાંધી પરિવારના રાજકીય સલાહકાર અને ૨૪ વર્ષોથી રાજ્યસભાના સાંસદશ્રી અહેમદ પટેલ સામે કોંગ્રેસમુક્ત બનેલા પૂર્વ દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે જબરદસ્ત ટક્કર આપી છે તેને ભાજપા બિરદાવે છે અને અહેમદ પટેલ કે જેઓ ૧૭ મતથી જીતવાના હતા તેના માત્ર અડધા મતથી આગળ રહ્યા છે. કોંગ્રેસના દબાણમાં ચૂંટણીપંચે જે બે મત શ્રી રાઘવજીભાઈ પટેલ અને શ્રી ભોળાભાઈ ગોહિલના રદ્દ કરાવ્યા તેની સામે કાનૂની કાર્યવાહી કરીશું તેમ ભાજપાના રાજ્યસભાના ઉમેદવારશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રદેશ કાર્યાલય-''શ્રીકમલમ્'' ખાતે પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયા, પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી કે. સી. પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ અને પ્રદેશ મીડીયા કન્વીનર ડૉ. હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

શ્રી રાજપૂતે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શ્રી શક્તિસિંહ ગોહિલે મતદાનમાં સવારથી જ વિવાદ, વાંધા-વચકા અને ઉશ્કેરાહટ ફેલાવવા પ્રયાસો કર્યા હતા. ધારાસભ્યશ્રી ભોળાભાઈ ગોહિલે ભાજપાના ઉમેદવારને મત આપીને મતપત્ર કોંગ્રેસના શક્તિસિંહને બતાવતા શ્રી શક્તિસિંહ ઉશ્કેરાઈ ગયા હતા અને ભોળાભાઈને ધમકાવ્યા હતા. તેમણે તે સિવાય તેમનું મતપત્ર બીજા કોઈને બતાવ્યું ન હતું અને મતપેટીમાં મતપત્ર નાંખ્યું હતું. આ પ્રકારનું વર્તન કોંગ્રેસના ધારાસભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ સામે પણ શ્રી ગોહિલે કર્યું હતું.

શ્રી બલવંતસિંહ રાજપૂતે વધુમાં જણાવ્યું હતું કે, રાઘવજીભાઈ પટેલે પણ નિયમ મુજબ શ્રી શક્તિસિંહને મતપત્ર બતાવ્યું ત્યારે તેઓ ઉભા થઈને તેમના હાથને પકડીને મતપત્ર ઝુંટવવા નિયમ વિરૂદ્ધ પ્રયાસ કર્યો હતો. સામાન્ય રીતે તેમણે ત્યાં ઉભા થઈને હાથના ઈશારા કે ઉશ્કેરાટથી મતદાર (ધારાસભ્યશ્રી)નો હાથ પકડવાનો અધિકાર નથી. આ નિયમ વિરૂદ્ધ છે. શ્રી શક્તિસિંહે બન્ને ધારાસભ્યશ્રીઓને ઉશ્કેરીને પોતે નિયમ વિરૂદ્ધ વર્તન કરીને ''ચોર કોટવાલને દંડે'' તેમ ભાજપ પર જુઠ્ઠા આક્ષેપો કરીને ચૂંટણીપંચને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાજકીય કાવાદાવા અને પ્રજા વિરોધી માનસ ધરાવતી કોંગ્રેસનો ગુજરાતમાંથી વિસર્જનની શરૂઆત થઈ ચૂકી છે. આગામી સમયમાં પણ અનેક કોંગ્રેસના આગેવાનો ભાજપામાં જોડાશે.

કોંગ્રેસે ચૂંટણીપંચ સમક્ષ ખોટી રજૂઆત કરીને બે વોટ રદ્દ કરાવ્યા છે. તે અંગે ચૂંટણીપંચમાંથી જરૂરી કાગળો મેળવીને તમામ પૂરાવા સાથે અમે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાના છીએ તેમ શ્રી રાજપૂતે અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ